# અમારી આચાર સંહિતા

અમારી કન્સિડરેટ કોન્ટ્રાકટર્સ પોલિસી અને નિવાસીઓની જવાબદારીઓને અમલમાં મુકવી.

Gujarati

## ધ યુનાઈટેડ હાઉસ કન્સિડરેટ કોન્ટ્રાકટર્સ પોલિસી

**અમે વચન આપીએ છીએ કે :**

- કામકાજને કારણે અસર પામતા તમામ નિવાસીઓનો યોગ્ય વિચાર કરીશું
- જવાબદારીથી વર્તીશું અને મૂશ્કેલીના સામના માટે તરત ઉપલબ્ધ બનીશું
- પરામર્શ અને સામેલગીરીના ઊંચા ધોરણો આગળ ધરીશું
- એ વાતની ખાતરી રાખીશું કે આ નિયમો દરેક સમજે અને તેનો અમલ કરે, ખાસ કરીને નીચેની બાબતોમાં વચનબદ્ધતા:-
  - સલામત રહેવું
  - સ્થળને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવું
  - વર્તણૂક અને પહેરવેશના સ્વીકૃત ધોરણો આગળ વધારવા
  - પર્યાવરણના મામલે જાગૃત રહેવું
  - ગ્રાહકોના સંતોષને માપવો

# ધ યુનાઈટેડ હાઉસની આચાર સંહિતા

**યુનાઈટેડ હાઉસ મેનેજર્સ અને રેસિડન્ટ લાયઝન ઓફિસર્સ એ વાતની ખાતરી આપે છે કે તમામ સ્ટાફ અને પેટા કોન્ટ્રાકટરોને આ સંહિતાની માહિતી છે, અને તેમને તેની અગત્યતાની જાણ છે અને તે માટે તેઓ કાર્ય કરે છે**

### વ્યાજબી વર્તણૂક

સ્થળ પર કામ કરતા દરેક નીચેની વાતનો અમલ કરશે:

- નિવાસીઓને, તેમની ચીજવસ્તુઓને અને તેમના મકાનને પૂરું માન આપશે
- જુદી જુદી સંસ્કૃતિ અને ધર્મને માન આપશે
- નિવાસીઓ, સમાજ અને સ્થાનિક વેપારીઓને ઓછામાં ઓછી અડચણ પડે તેમ કામ કરશે
- વૃદ્ધો, અશક્ત લોકો અને ખાસ જરૂરિયાતવાળાને, વિશેષ ખ્યાલ રાખી અને સહાય કરશે
- મિલકતને સલામત રાખશે
- મોબાઈલ ફોનનો ઉપયોગ નિયંત્રિત કરશે
- દરેક કામના દિવસના અંતે વધુ સ્વચ્છ કરી વ્યવસ્થિત કરશે
- દરેક કામના દિવસના અંતે નિવાસીને જાણ કરશે અને હવે કયારે આવશે તે જણાવશે
- જ્યારે નિવાસીના ઘરમાં હોય ત્યારે કયારેય ધૂમ્રપાન કરશે નહીં, દારૂ પીશે નહીં કે આહાર લેશે નહીં કે વ્યક્તિગત સ્ટિરીયો વાપરશે નહીં
- નિવાસીઓને ફોન વાપરવાનું ક્યારેય પૂછશે નહીં
- જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી નિવાસીના ટોઈલેટ કે બાથરૂમનો ઉપયોગ કરવાનું ટાળશે અને વાપરશે તો નિવાસીઓની પરવાનગી લઈને અને વાપર્યા પછી સાફ કરશે
- નિવાસીના ઘરમાં રાત્રે સરંજામ રાખશે નહીં
- નિવાસીના સાફસુફીના સાધનો કયારેય વાપરશે નહીં
- લોકોને ઘરમાં અને આસપાસ બહુ જ સારી વર્તણૂક જાળવશે
- અભદ્ર ભાષા અને અયોગ્ય વ્યવહારથી દૂર રહેશે

### જવાબદારી

યુનાઈટેડ હાઉસ નીચેનાનો અમલ કરશે:

- નિવાસીઓને ચાર્જમાં રહેલ વ્યકિતના અને ખાસ તો રેસિડન્ટ લાયઝન ઓફિસરના નામ આપશે
- સ્થાનિક સંપર્કની વિગતો સાથેનું કંપનીનું બોર્ડ પ્રદર્શિત કરશે
- કોઈને કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો તેના માટે ઉપલબ્ધ થશે
- ૨૪ કલાકની સંકટકાલિન હોટલાઈન જાળવશે
- ઘટના અને અકસ્માતનું પુસ્તક જાળવશે
- કયારેય જવાબદારી ઢોળશે નહીં
- ગ્રાહક સંતોષના ઊંચા ધોરણો જાળવવા પ્રયત્નશીલ રહેશે અને ભૂલોમાંથી શીખશે
- એ વાતની ખાતરી રાખશે કે હંમેશા ગ્રાહકોના સંતોષ માટે કોઈ જવાબદાર વ્યકિત, સામાન્યતઃ રેસિડન્ટ લાયઝન ઓફિસર પ્રાપ્ય હોય
- સંતોષ અને ફરિયાદના સ્તરને જોતા રહેશે
- કોઈ ભાંગતૂટ કે અકસ્માત થાય તો નિવાસીઓને ઓછામાં ઓછી અગવડ પડે તે જોશે
- ઘરમાં કાર્ય શરૂ કર્યા પહેલાં અને પછીની સ્થિતિ નોંધશે
- જે કામ કરવાનું છે તે માટે મુલાકાત લઈને તેને જાળવશે
- કોઈપણ પ્રકારનો વિલંબ થશે તો નિવાસીઓને તરત જ તેના કારણો જણાવશે

# કામનું વાતાવરણ

## સ્થળ પર કામ કરતા દરેક નીચેની વાતનો અમલ કરશે:

- તળીયા ઉપર આવરણ રાખીને કામના વિસ્તારના માર્ગનું રક્ષણ કરશે
- ભોંયતળીયા અને રાચરચીલાના રક્ષણ માટે સ્વચ્છ કપડાનો ઉપયોગ કરશે
- ચીજવસ્તુઓ વ્યવસ્થિત અને સલામત રીતે સચવાય તે સુનિશ્ચિત કરશે
- દરેક કામના દિવસના અંતે સેવાઓ પુનઃ સ્થાપિત થાય તે સુનિશ્ચિત કરશે
- સ્થાનિક વિસ્તાર અને તેના રસ્તા અને ફુટપાથ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખશે
- પીપ ઉપર ઢાંકણા રાખશે જેથી ધૂળ ઉડે નહીં અને પીપને ઊભરાવા દેશે નહીં
- તેમને સોંપાયેલ જગ્યામાં પાર્ક કરશે
- કામના માંચડાને કચરા મુકત, સ્વચ્છ અને સલામત રાખશે
- જગ્યાની સરહદની અંદર જ સાધનસામગ્રી અને પ્લાન્ટ રાખશે
- હંમેશા પ્રદૂષણ ટાળશે અને બગાડને ઓછો કરશે
- શકય હોય ત્યાં ફેંકી દીધેલ વસ્તુનો ફરી ઉપયોગ કરશે
- કાર્યરત સાધનો, વાહનો, પ્લાન્ટ અને કામના અવાજને ધીમો રાખશે
- સ્થળ પર સંગ્રહ અને સાધનસામગ્રીઓ ઓછા રાખશે

# પરામર્શ અને સંદેશા-વ્યવહાર

## યુનાઈટેડ હાઉસ નીચેનાનો અમલ કરશે:

- નિવાસીઓની બેઠકમાં હાજરી આપશે અને યોગ્ય મસલત કરશે
- કામ શરૂ કરતાં પહેલા દરેક નિવાસીઓને આચાર સંહિતા આપશે અને માહિતીનો સંગ્રહ આપશે
- દિવસ સમયના સંપર્ક નંબરો અને કામના કલાકો સિવાયના સંકટકાલિન નંબરો આપશે
- નિવાસીઓને પત્રો, નોટીસબોર્ડ અને/અથવા અખબાર દ્વારા માહિતગાર રાખશે
- નિવાસીના પ્રતિનિધિઓ અને સ્થાનિક સમુદાયમાં સંકળાયેલા અન્યોને ઓળખશે

# સલામતી અને સુરક્ષા

## યુનાઈટેડ હાઉસ નીચેનાનો અમલ કરશે :

- આરોગ્ય અને સલામતીની તમામ પ્રક્રિયા અનુસરશે અને સુરક્ષા અંગે ક્યારેય સમાધાન કરશે નહીં
- સ્થળની એકંદર સુરક્ષા અંગે નિવાસીઓને સલાહ આપશે
- નિયમિત સુરક્ષા મુલાકાતો અને ચકાસણીઓ યોજશે
- તમામ સાધનસામગ્રી અને સાધનોને સલામત રીતે સંગ્રહ કરશે
- સલામતીની આકારણી કરશે અને એ વાતની ખાતરી આપશે કે જાહેર અને કામગીરી દરમિયાન સલામતીને અગ્રતા મળે
- જ્યાં ચાલવાના માર્ગને ફેરવ્યો હોય ત્યાં પૈડાવાળી ખુરશી અને બાબાગાડી માટે ઢાળ અથવા ફેરવેલો રસ્તો દર્શાવશે
- સુનિશ્ચિત કરશે કે સ્થળની આજુબાજુ રાહદારીઓના આવવા-જવાને સલામત અને સ્વચ્છ રાખેલ છે.
- સુનિશ્ચિત કરશે કે કબજાધારી મિલ્કતની ચાવીઓ તે માટે નીમાયેલી વ્યકિત પાસે જ હોય
- નિવાસી કે તેના ઘરની કોઈપણ વિગતને ખાનગી રાખશે અને અન્ય નિવાસી સાથે આવી માહિતીની કદી ચર્ચા કરશે નહીં

## સ્થળ પર કામ કરતા દરેક નીચેની વાતનો અમલ કરશે:

- જ્યારે કામ ચાલુ હોય ત્યારે નિવાસીના મકાનને સલામત રાખશે અને જ્યારે મકાનમાં કોઈ ન હોય ત્યારે આગળનો દરવાજો બંધ રાખશે
- રાત્રે ભોંયતળીયાની સીડીઓ હટાવી લેવાનું સુનિશ્ચિત કરશે
- સલામતી અને સુરક્ષા માટે જોખમ ઘટાડવાં કામના માંચડાનો ઓછામાં ઓછો ઉપયોગ કરશે
- બાળકો હાજર હોય ત્યારે વિશેષ ધ્યાન રાખશે
- જે ઘરમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો એકલા હોય તેમાં કયારેય દાખલ થશે નહીં કે તેમાં હાજર રહેશે નહીં
- હંમેશા તમારું ઓળખપાત્ર પહેરવેશ પર લગાડશે અથવા સાથે રાખશે અને જ્યારે હાજર થાય તો ખૂશીથી તે નિવાસીને દેખાડશે
- સ્પષ્ટપણે દેખાય તેવા લોગો સાથેના સ્વચ્છ યુનાઈટેડ હાઉસ કોર્પોરેટ પહેરવેશ પહેરશે

# નિવાસીઓની જવાબદારીઓ

**આ દસ્તાવેજ પ્રાથમિક રીતે યુનાઈટેડ હાઉસના વ્યવહારું અને અમારી સાઈટ ઉપર કામ કરતા દરેકની વર્તણૂકને લગતો છે, છતાંપણ નિવાસીઓની પણ જવાબદારીઓ છે. એકબીજાને માન આપીને અને સહકાર આપીને અમે આપણે બધા ઈચ્છીએ તેવી ઊંચી કક્ષાની કામગીરી, અને સેવા અમે પૂરી પાડી શકીએ અને નિવાસીઓ તે મેળવી શકે.**

- અમારા સ્ટાફ, કાર્યકર્તાઓ અને પેટા કોન્ટ્રાકટરોને એવો માન આપો કે જેવો તમે એમની પાસેથી મળે તેમ ઈચ્છતા હોવ
- અમારા સ્ટાફ અને પેટા કોન્ટ્રાકટરોને આપેલ સમય અને તારીખે પ્રવેશવાની મંજૂરી આપો
- તમારે કોઈ મુલાકાત રદ કરાવવી જરૂરી બને તો અમને ૨૪ કલાક પહેલા નોટીસ આપો
- કામના સ્થળ, ઓજારો અને માલ-સામાનથી બાળકોને અને પાલતૂ પ્રાણીઓને દૂર રાખો.
- જ્યારે કામ ચાલતું હોય ત્યારે નાના બાળકોને એકલા ન છોડો. કોઈપણ મકાનમાં ૧૬ વર્ષથી નીચેના બાળકો એકલા હશે તો અમે તે મકાનમાં દાખલ નહીં થઈએ કે કામ નહીં કરીએ.
- જ્યાં સુધી કામ ચાલતું હોય ત્યાં સુધી કામના સ્થળે અમારા સ્ટાફ માટે ચોખ્ખું અને સલામત જગ્યા રાખો.
- ભાંગી શકે તેવી અને કિંમતી તમામ ચીજવસ્તુઓ પેક કરીને દૂર રાખો.
- જે રૂમો નવેસરથી સજાવવાના હોય તે સંપૂર્ણપણે સાફ કરી નાખો. પેકીંગ બોકસ પૂરા પાડવામાં આવશે.
- જે કામગીરી અમે કરી રહ્યા છીએ તેમાં કોઈ જાતની દખલ ન કરો કે તે કામ તમે કરવાનું સાહસ ન કરો.Do
- અમે તમારા મકાનમાં હજુ કામ કરી રહ્યા હોઈએ તે દરમિયાન તમે શણગાર સહિતની તમારી પોતાની કોઈપણ યોજના શરૂ ન કરો.

વધુ માહિતી માટે મુલાકાત લેવા વિનંતી

**www.unitedliving.co.uk**
**United Living, Media House,**
**Azalea Drive, Swanley,**
**Kent BR8 8HU**

**01322 665522**